## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હવે લાભ પાંચમ પતી ગઈ છે કોઈને ત્યાં સાલમુબારક કરવામાં ભેળ આપે તો ખાતા નહી... !! યાદ છે ને ગયા વર્ષે આપણે બધાને ભેળ ખવડાવીને નાસ્તા ખૂટાડ્યા હતા...



ટ્રાફિક નિયમનના કડક અમલવારીની શરૂઆત વચ્ચે વાહનચાલકો ફરી એકવાર પીયુસી તેમજ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ માટે કતારમાં ખડા થયેલા જોવા મળી રહ્યા છે.શહેરના પીયુસી સેન્ટરો પર વાહનચાલકોની લાંબી કતાર જોવા મળી હતી. જયારે હાઈસિક્યુરીટી નંબર પ્લેટ માટે પણ આર ટી ઓ કચેરીમાં વાહનમાલિકો લાઈનમાં ઉભા હતા. ટ્રાફિક નિયમનના કડક અમલ વચ્ચે માર્ગ પર દોડતા વાહનો પર સવાર ચાલકો હેલમેટ સાથે જોવા મળ્યા હતા.

# મહા વાવાઝોડાની અસર વચ્ચે શહેરમાં છુટોછવાયા વરસાદથી ભીંજારો

## સવારથી જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા વચ્ચે રીમઝીમ વરસાદ વરસ્યો

ગાંધીનગર તા ૨

સૌરાષ્ટ્રના દરિયા કીનારે મહા વાવાઝોડુ ત્રાટકવાની સંભાવના સાથે ગાંધીનગર અમદાવાદમાં પણ મોસમનો નઝારો બદલાયો છે. ભાઈબીજના દિવસે ભારે વરસાદી ઝાપટના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે આજે પણ સવારથી આકાશી નઝારો બદલાયો હતો. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. સેકટરોમાં છુટોછવાયો વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં ફરી નાટયાત્મક પલ્ટા સાથે ભીંજારો જોવા મળતા જન આરોગ્ય પર મોસમની વિપરિત અસર વર્તાઈ રહી છે.

મહા વાવાઝોડુ ત્રાટકવાની સંભાવના વચ્ચે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મોસમનો નઝારો બદલાયો છે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદના લીધે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વાતાવરણ પલ્ટાના લીધે ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. ચોમાસાના અંતે પણ આકાશમાં સતત વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળે છે. નવરાત્રિ મહોત્સવના પ્રારંભે પણ વરસાદ વરસતો રહ્યો હતો. જયારે પાછોતરા વરસાદના લીધે આમ પણ ખેતીને વિશેષ નુકશાન થયુ હતુ જયારે દિવાળીના પર્વ દરમિયાન પણ વરસાદી વાયરો યથાવત રહ્યો હતો.

ભાઈબીજના દિવસે પણ બે ઈંચ જેટલો વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે મહા વાવાઝોડાની સંભાવના સાથે આકાશી નઝારો બદલાયો છે. ત્યારે આજે શહેરમાં પણ સવારથી વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. આકાશમાં કાળા ડિંબાંગ વાદળો સવારથી ઘેરાઈ આવ્યા હતા .જયારે વરસાદી છાંટણા વચ્ચે દિવસ દરમિયાન સેકટરોમાં છુટો છવાયો વરસાદ વરસ્યો હતો.

મહા વાવાઝોડાની અસર વચ્ચે ગુરુવાર સુધી વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્રના દરિયા કીનારે વાવાઝોડુ ત્રાટકે તેવી સંભાવના છે. ત્યારે ગાંધીનગરમાં પણ વરસાદી વાયરો શરૂ થઈ ગયો છે. આજે દિવસ દરમિયાન છુટાછવાયા વરસાદ સાથે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. આકાશમાં ફરી વરસાદી વાદળો ઘેરાઈ આવતા ખેડુતોમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. પાછોતરા અને કમોસમી વરસાદના લીધે આમ પણ ખેતપાકોને ભારે નુકશાન થયુ છે. આવા સંજોગોમાં હજુ પણ વાવાઝોડાની અસર વચ્ચે ગમે ત્યારે ભારે વરસાદ પડવાની સંભાવનાથી નગરજનો પણ વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. મોસમની આ વિચિત્ર અસર જન આરોગ્ય માટે પણ જોખમી પુરવાર થશે તેવી દહેશત વચ્ચે ડેન્ગયુ તેમજ મેલેરિયાનો રોગચાળો વધુ વકરે તેવી પણ સંભાવન પ્રબળ બની છે. આજે સાંજ સુધી વરસાદી વાદળોનો ઘેરાવ વચ્ચે છાંટણા પણ વરસતા રહ્યા હતા.

## જિલ્લામાં કમોસમી વરસાદ હળવાથી મધ્યમ ઝાપટા નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ એકવાર કમોસમી વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા નોંધાયા છે.

'મહા' વાવાઝોડાને પગલે આજે સવારથી જ આકાશ વાદળછાયુ હતુ અને બપોરના સમયે ચિલોડા પંથકમાં વરસાદ શરૂ થયો હતો. હળવા છાંટા તેમજ મધ્યમ ઝાપટાને પગલે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. બપોર પછી તો ગાંધીનગર શહેર સહિત કલોલ, માણસા, દહેગામમાં પણ હળવાથી મધ્યમ વરસાદના સમાચાર મળ્યા હતા.

બીજી તરફ ખેતીવાડી શાખાએ પણ કપાસના ઝીંડવા બેસી ગયા હોય તો ઝડપથી વીણી લેવા તેમજ મગફળી અને ડાંગરના પાકમાં કાપણી કરી હોય તો ઉત્પાદન સુરક્ષિત જગ્યાએ રાખવાની સૂચના તંત્રે આપી છે. આ ઉપરાંત રવિ સિઝનની વાવણી માટે પણ ઉતાવળ નહિ કરવાની સલાહ આપી છે.

દરમ્યાન જિલ્લામાં 'મહા' વાવાઝોડાને પગલે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત સોમવારે ખાસ સમીક્ષા બેઠક યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# પાક-વીમાના દાવાઓ માટે અરજીઓ સ્વીકારવા આજે ઓફિસો ખુલ્લી રહેશે

ગાંધીનગર, તા. ૨

પાક-વીમામાં નુકશાનીનું વળતર મેળવવા માટેની અરજી કરવાનો આજે અંતિમ દિવસ છે. આ ટુંકી મુદતને ધ્યાને રાખી આજે જિલ્લા અને તાલુકા કક્ષાએ ખેતીવાડીની શાખાઓ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કમોસમી વરસાદને પગલે ખેડૂતોને મગફળી-ડાંગરના પાકમાં થયેલ નુકશાનમાં વળતર મળી રહે તે માટે વીમા-કંપનીઓએ ખેડૂતોને દાવાઓ માટે અરજી કરવાની અંતિમ તારીખ ૩-૧૧-૨૦૧૯ આપી છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૮૦૦થી વધુ ખેડૂતોએ પાક-વીમા યોજના અંતર્ગત પ્રિમીયમો ભર્યા હતા. જિલ્લામાં ૨૮ અને ૨૯ ઓક્ટો.ના રોજ કમોસમી વરસાદ થયો હતો. આથી પાકને વીમાનુ વળતર મળે તે માટે સરકારે વીમા કંપનીઓને તાત્કાલિક આ કામગીરી કરવા જણાવ્યુ હતુ.

જિલ્લામાં કમોસમી વરસાદથી મગફળીના પાકને નુકશાન થયાનો ભય છે. તંત્ર દ્વારા પણ નુકશાની અંગે સર્વેની કામગીરી ચાલી રહી છે.

જિલ્લા ખેતીવાડી અધિકારીની એક અખબારી યાદીમાં ખેડૂતો તરફથી પાક-વીમા અંતર્ગત પાક નુકશાન થયેલ હોય તેની અરજી કરવા માંગતા ખેડૂતોની અરજી સ્વીકારવા માટે ગ્રામ્યકક્ષાએ ગ્રામસેવકનો સંપર્ક કરવો તેમજ તાલુકા પંચાયત ખાતે વીમા કંપનીના પ્રતિનિધિ હાજર રહેશે. જિલ્લાકક્ષાએ જિલ્લા ખેતીવાડી શાખા પણ કાર્યરત રહેશે. જિલ્લાતંત્ર દ્વારા આ વૈકલ્પિક વ્યવસ્થા રજાનો દિવસ હોવા છતાં પણ કરવામાં આવી છે.

# ખેડૂતોને પાક નુકસાની બદલ યોગ્ય રીતે જ વળતર ચુકવાશે

## રૂપાણી દ્વારા ફરી એકવાર ખેડૂતોને હૈયાધારણા

ગાંધીનગર,તા. ૨

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે ફરી એકવાર ખેડૂતોને હૈયાધારણ આપતાં પુનરોચ્ચાર કર્યો હતો કે, રાજયમાં કમોસમી વરસાદ અને માવઠાની પરિસ્થિતિથી ખેડૂતોને તેમના પાકનું જે કંઈ નુકસાન થયુ છે, તેનું સરકાર યોગ્ય અને પૂરતુ વળતર ચૂકવવા કટિબધ્ધ છે. સરકારે વીમાકંપનીઓને પણ જરૂરી સૂચના-નિર્દેશો આપી દીધા છે. ખેડૂતોએ તેમના પાકની નુકસાની કે વળતરને લઈ કોઈ ચિંતા રાખવાની જરૂર નથી. વધુમાં, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આગામી તા.૧૫મી નવેમ્બર સુધી ટેકાના ભાવે હાલ પૂરતી ખરીદી રાજય સરકાર દ્વારા સ્થગિત કરવામાં આવી છે. કારણ કે, આગામી દિવસોમાં મહા વાવાઝોડાની અસર, વરસાદની આગાહી સહિતના કારણોને ધ્યાનમાં લઈને ટેકાના ભાવે મગફળી સહિતના પાકની ખરીદીનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે. તેનું બીજુ કારણ એ પણ છે કે, જો ખેડૂતો અત્યારે પડી રહેલા અને વાવાઝોડાની અસરના ભાગરૂપે પડનારા વરસાદી માહોલમાં પોતાનો પાક લઈને વેચાણ માટે આવે તો તે મહામૂલો પાક પલળી જાય. વળી, સરકારી તંત્ર પણ આ પાક ખરીદે તો તે પણ પલળી જવાની દહેશત રહે. આ સંજોગોમાં બધા પાસાઓનો વિચાર કર્યા બાદ હાલ પૂરતી ટેકાના ભાવે ખરીદી સ્થગિત કરવામાં આવી છે પરંતુ ખેડૂતો કોઈપણ પ્રકારની ચિંતા ના કરે. સરકાર ફરીથી ખેડૂતોના હિતમાં ટેકાના ભાવે ખરીદી કરશે તે નક્કી છે.

દરમ્યાન મુખ્યંત્રીએ આજે ફરી એકવાર રાજયના ખેડૂતોને પૂરતી હૈયાધારણ અને સાંત્વના આપતાં જણાવ્યું હતું કે, રાજયમાં જે વિસ્તારોમાં કમોસમી વરસાદ કે માવઠાની પરિસ્થિતિના કારણે ખેડૂતોના પાકને જે કોઈ નુકસાન થયુ છે તે તમામ સરકાર ભરપાઈ કરી આપશે. સરકારે આ માટે વીમાકંપનીઓને પણ જરૂરી સૂચનાઓ અને નિર્દેશો આપી દીધા છે. અસરગ્રસ્ત વિસ્તારો અને ખેડૂતોના પાકના નુકસાનીનો સર્વે પૂર્ણ થયા બાદ સરકાર યોગ્ય વળતરની ખેડૂતોને ચૂકવણી કરશે.

# ગુજરાત ભાજપનું નવું માળખું તૈયાર કરવા માટે કવાયત શરૂ

## ડિસેમ્બર મહિનામાં પ્રદેશ અધ્યક્ષ અને પ્રદેશ હોદ્દેદારોની નિમણૂંકની મહત્વની કામગીરી : હારના કારણોની સમીક્ષા

રાજયની પેટાચૂંટણીના પરિણામો બાદ પ્રદેશ ભાજપ (ભ્ત્ઁ) કાર્યાલય કમલમ ખાતે મુખ્યમંત્રી,નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં બેઠકોનો દોર ચાલુ થયો છે. જેમાં ત્રણ બેઠકો પર તાજેતરમાં મળેલી હાર અને ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં પ્રદેશના નવા હોદ્દેદારોની નિમણૂક અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. નજીકના દિવસોમાં જ હવે ગુજરાત ભાજપનું નવુ માળખુ તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવશે. જેમાં પ્રદેશથી લઈ બુથ સુધીના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવશે. જો કે, નવા માળખામાં તાજેતરની પેટાચૂંટણીમાં હાર માટે જવાબદાર પરિબળો અને લોકો પર ગાજ વાગશે તેવી પણ પૂરી શકયતા છે. ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે દિવાળી અને પેટા ચૂંટણી ના પરિણામો બાદ ભાજપના મુખ્ય હોદ્દેદારોની પ્રથમ બેઠક એ મળી છે. આ બેઠકમાં પેટા ચૂંટણીમાં રાધનપુર,બાયડ અને થરાદ બેઠક પર મળેલ હાર અંગે સમીક્ષા કરવામાં આવી હતી, તો સાથે જ બુથ,મંડલ, શકિત કેન્દ્ર અને જિલ્લાના માળખાની સહરચના અંગે ની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. બીજી બેઠકમાં પ્રદેશ હોદ્દેદારો, મોરચાના પ્રદેશ પ્રમુખ, જીલ્લા-મહાનગરના પ્રભારી, જીલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રી, સંગઠન પર્વના પ્રદેશ અને ઝોન ઈન્ચાર્જ-સહઈન્ચાર્જ, સંગઠન પર્વના જીલ્લા-મહાનગરના ઈન્ચાર્જ તથા પ્રદેશ દ્વારા નિયુક્ત કરેલ જીલ્લા-મહાનગરના સંરચના અધિકારી તથા સહ અધિકારીઓ સાથે સંગઠન સંરચનાની કામગીરી, સેવા સપ્તાહ કાર્યક્રમો, નમામિ દેવી નર્મદે કાર્યક્રમો, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મજયંતિ કાર્યક્રમો તથા સંપર્ક અભિયાન જેવા કાર્યક્રમોની સમીક્ષા તેમજ આગામી નવા વર્ષના સ્નેહમિલન કાર્યક્રમોના આયોજન અંગેની ચર્ચા સંગઠનાત્મક કાર્યક્મો અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

### ટૂંકી જાહેર નિવિદા : ૦૫/૨૦૧૯-૨૦

### ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૪ ત્રીજો માળ, ઘ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન નં. : ૨૩૨ ૫૦૬૩૨, ૩૪ થી ૨૩૨ ૫૦૬૩૭ ફેક્સ નં. ૨૩૨૫૦૭૦૭

(૧) નિગમની ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતેની વડી કચેરીએ અથવા ગાંધીનગર ખાતે કોઈપણ સ્થાને ચાર્જ સંભાળતા ઈજનેરના દિશાસૂચન મુજબ વાઈ-ફાઈ રાઉટર્સ, નેટવર્ક સ્વીચો, એચડીએમઆઈ, ડીવીઆઈ અને વીજીએ કન્વર્ટર, યુએસબી અને પાવર કેબલ્સની સપ્લાય અને વીજીએ, એચડીએમઆઈ કેબલ્સ, મલ્ટિ-મોડ ઓએફસી, આરજે-૪૫, આઈ.ઓ.સોકેટ, પેચ પેનલની આઈટી નેટવર્ક અને તમામ એસેસરીઝ માટે પુરા પાડવા સ્તાપના અને કાર્યરત કરી આપવા સાથેના કામના વર્ષિક કરાર બાબતે અનુભવી વિક્રેતા / ઈજારદાર પાસેથી સીલ બંધ કવર માટેનાં ટેન્ડરો બાબત.

| | |
|---|---|
| આ કામોની અંદાજિત રકમ અનુક્રમે | રૂ. ૧૭૩૮૧૯/- છે. |
| ઈ.એમ.ડી.ની રકમ | રૂ. ૧૭૩૮/- |
| ટેન્ડર ફી | રૂ. ૬૦૦+ રૂ. ૧૦૮ (જીએસટી ૧૮ ટકા) = રૂ. ૭૦૮/- |

આ અંગેના કોરા ટેન્ડરો ઈશ્યુ કરવાની છેલ્લી તારીખ : ૦૪/૧૧/૨૦૧૯ થી ૧૧/૧૧/૨૦૧૯ (રજાના દિવસ સિવાય) સુધી સવારે ૧૧.૦૦ થી ૧૫.૩૦ કલાક દરમિયાન

ભાવ ભરેલ ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૪/૧૧/૨૦૧૯ના રોજ ૧૮ કલાક સુધીની રહેશે.

ભાવ ભરેલ ટેન્ડરો ખોલવાની છેલ્લી તારીખ : ૧૫/૧૧/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાકે રહેશે.

અનુ. નં. ટેન્ડર માટેનાં જરૂરી દસ્તાવેજો જેવા કે, જી.એસ.ટી. રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર, ઈ.પી.એફ.ઓ.નું માન્ય રજીસ્ટ્રેશન અને અદ્યતન ચલણ, નેટવર્ક ઉપકરણો માટે મૂળ ઉત્પાદક ઉપકરણો (OEM) પાસેથી વેચાણ / સેવા પ્રદાતા માટે અધિકૃતતાનો પત્ર અથવા OEMની અધિકૃત સેવા પ્રદાતાની પેટા વેચાણ / સેવા પ્રદાતાનો પત્ર અને પાનકાર્ડ, અદ્યતન આવકવેરારીટર્ન, વાર્ષિક રૂ. ૧,૭૩,૮૧૯/- કે તેથી વધુ ટર્નઓવરનું પાછલા પાંચ વર્ષનું સી.એ. સર્ટીફિકેટ તથા આવા જ કામના ઓછામાં ઓછા ૫ વર્ષના સમાન પ્રકારના કામનો અનુભવના પુરાવા જેમાંથી એક એવું જ કામ કે જેની રકમ રૂ. ૬૯, ૫૨૮/- જેટલી અથવા તેનાથી વધુ હોવી જોઈએ તેમજ રૂ. ૩૪,૭૬૪/- કે તેથી વધુની ચાલુ વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવન્સી રજૂ કર્યેથી અધિક્ષક ઈજનેરશ્રી (યાં. વિ.)ની ઉક્ત સ્થળે આવેલ કચેરીએથી આપવામાં આવશે.

ઉક્ત ટેન્ડરો ફક્ત રજીસ્ટર એડી/સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં જ સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે વેબસાઈટ www.gidc.gov.in અને www.statetender.com પરથી તેમજ ઉપરોક્ત સરનામે કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

અધિક્ષક ઈજનેર (યાં. વિ.)
જીઆઈડીસી, ગાંધીનગર

માહિતી/૧૪૧૦/૧૯-૨૦


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



Happy New Year & Prosperous New Year






Krupa Trivedi
M. : 88498 47545
mid term admissions open with bumper discount
B/6, Shalvik Homes, Behind Keshav Park, Kolavada Road, Vavol, Gandhinagar



નૂતન વર્ષાભિનંદન સહ...
તેનીવાડા ગ્રામ પંચાયત
વડગામ તાલુકાની સર્વે જનતાને નવા વર્ષની શુભકામનાઓ...
સરપંચશ્રી : રીઝવાનાબેન આઈ. જગરાળા
ઉપસરપંચશ્રી : દલસંગભાઈ એસ. ભુતડીયા
ત.ક.મંત્રીશ્રી : જીગરભાઈ ચૌધરી





તથા પંચાયતના તમામ કમીટી સદસ્યશ્રીઓ તથા સ્ટાફગણ
મુ.પો. તેનીવાડા, તા. વડગામ, જિ. બ.કાં.
ઘરે ઘરે શૌચાલય બનાવો ● ગામમાં સ્વચ્છતા જાળવો



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ